


# વિષય : ‘‘શાળાના વધુ ટકા લાવનાર, સરેરાશ ટકા લાવનાર અને ઓછા ટકા લાવનાર વિદ્યાર્થીઓની માનસિકતાનો અભ્યાસ’’

**ઉન્નતિ એચ. પટેલ**
(સુપરવાઈઝર, કોમર્સ વિભાગ)

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** શાળાના કોમર્સ વિભાગના ધોરણ ૧૨ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિનો અભ્યાસ.

- વધુ ટકાલાવનાર વિદ્યાર્થીઓ એટલે ૮૦% થી વધુ.
- સરેરાશ ટકા લાવનાર વિદ્યાર્થીઓ એટલે ૫૦% થી ૬૦%ની વચ્ચે.
- ઓછા ટકા લાવનાર વિદ્યાર્થીઓ એટલે ૩૫% થી ઓછા

**શિક્ષણ વગર પ્રગતિ અંધકાર સમાન છે.**

**પ્રયોગ કાર્યની રૂપરેખા :**

| ક્રમ | સમયગાળો | પ્રવિધિ | શૈક્ષણિક સાધનો | મૂલ્યાંકન | સુધારાકાર્ય |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૯-૨૦૨૫ થી ૧૩-૦૯-૨૦૨૫ | વિદ્યાર્થીઓ સાથે સમસ્યા બાબત ચર્ચા અને પ્રશ્નોત્તરી | સૂચન પેટી | શિક્ષકો (સ્ટાફ) દ્વારા ચર્ચા વિચારણા કરાઇ | - |
| ૨ | ૧૮-૦૯-૨૦૨૫ | વિદ્યાર્થીઓ પાસે પ્રશ્નાવલી ભરાવી | પ્રશ્નાવલિ | શિક્ષકદ્વારા પ્રશ્નાવલિના ઉત્તરોનું મૂલ્યાંકનકરાયું | - |
| ૩ | ૨૩-૦૯-૨૦૨૫ | વિદ્યાર્થીઓ સાથે મિટીંગ યોજી | - | શિક્ષક અને આચાર્ય દ્વારા કાઉન્સેલિંગ કરવામાં આવ્યું | વિદ્યાર્થીની સમસ્યા દૂર કરવાનો પ્રયત્ન કર્યો |
| ૪ | ૦૩-૧૦-૨૦૨૫ | વાલી મિટીંગ યોજી | સૂચન પેટી | વાલી સાથે ચર્ચા વિચારણા થઇ | વાલીનો સહકાર પ્રાપ્ત કર્યો |

❖ **માહિતીનું એકત્રીકરણ અને પૃથ્થકરણ : પ્રશ્નાવલીને અનુરૂપ ૨૦ વિદ્યાર્થીઓની ટકાવારી માહિતી**

| ક્રમ | પ્રશ્નો | હા (%) | ના (%) |
|---|---|---|---|
| ૧ | શાળામાં નિયમિત હાજર રહો છો? | ૮૫ | ૧૫ |
| ૨ | વર્ગખંડના દરેક તાસમાં સંપૂર્ણ ધ્યાન આપો છો? | ૯૦ | ૧૦ |
| ૩ | દરેક વિષયનું ગૃહકાર્ય પૂર્ણકરો છો ? | ૮૦ | ૨૦ |
| ૪ | શાળામાં લેવામાં આવતી કસોટી પૂર્વ તૈયારી સાથે આપો છો ? | ૮૫ | ૧૫ |
| ૫ | શાળામાં લેવાતી દરેક કસોટી અગાઉ વાંચનમાટે ટાઇમ ટેબલ બનાવો છો ? | ૬૫ | ૩૫ |
| ૬ | પરીક્ષા કે કસોટી દરમ્યાન માનસિક તણાવ ઉદ્‌ભવે છે ? | ૪૫ | ૫૫ |
| ૭ | પરીક્ષા દરમ્યાન આવતા તહેવારો ઉજવો છો ? | ૬૫ | ૩૫ |
| ૮ | દિવસ દરમ્યાન રમતગમત માટે (મનોરંજન) માટે સમયફાળવો છો ? | ૮૦ | ૨૦ |
| ૯ | દરરોજ વાંચન માટે સમય ફાળવો છો ? | ૭૫ | ૨૫ |
| ૧૦ | દરેક વિષયને વાંચન માટે સરખો ન્યાય આપો છો ? | ૫૫ | ૪૫ |
| ૧૧ | વાંચનમાટે માત્ર પાઠ્યપુસ્તકનો જ ઉપયોગ કરો છો ? | ૩૫ | ૬૫ |
| ૧૨ | ટ્યુશન કલાસીસ જાઓ છો ? | ૯૫ | ૦૫ |
| ૧૩ | ટ્યુશન કલાસીસનું ગૃહકાર્ય નિયમિત કરો છો ? | ૭૫ | ૨૫ |
| ૧૪ | પરીક્ષા પૂર્વે શિક્ષકોનુ માર્ગદર્શન મેળવો છો ? | ૯૦ | ૧૦ |
| ૧૫ | પરીક્ષા પૂર્વે પરિણામ અંગે પૂર્વઅનુમાન/ લક્ષ્યાંક નક્કીકરો છો ? | ૭૫ | ૨૫ |
| ૧૬ | પરીક્ષાનું પરિણામ મળ્યા બાદ તેનું સ્વ મૂલ્યાંકન અને સમસ્યાઉકેલ મેળવો છો ? | ૯૦ | ૧૦ |
| ૧૭ | પરીક્ષામાં કરેલ ભૂલોનું પુનરાવર્તન કરો છો ? | ૬૫ | ૩૫ |
| ૧૮ | પરિણામ અંગે શિક્ષકો દ્વારા કાઉન્સેલિંગ / વિષય સંદર્ભે સમસ્યા ઉકેલ કરવામાં આવે છે ? | ૭૫ | ૨૫ |
| ૧૯ | શાળાનું વાતાવરણ / ભાવાવરણ સંતોષકારક લાગે છે ? | ૭૦ | ૩૦ |
| ૨૦ | ઘરમાં માતા પિતાનો શિક્ષણ પ્રત્યે સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થાય છે ? | ૯૦ | ૧૦ |